# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*************************************************

1) કેન્દ્રીય કેબિનેટે કોલસા સેતુ હરાજી નીતિ, વસ્તી ગણતરી બજેટ અને કોપરા માટે લઘુત્તમ ટેકાના ભાવને મંજૂરી આપી

2) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે છત્તીસગઢમાં બસ્તર ઓલિમ્પિકના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી જોર્ડન, ઇથોપિયા અને ઓમાનની મુલાકાતે જશે.

4) સંસદનું રક્ષણ કરતા પોતાના જીવનું બલિદાન આપનારા સુરક્ષા કર્મચારીઓ અને શહીદોને આજે સમગ્ર રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે

5) સ્ક્વોશ વિશ્વકપની સેમિફાઇનલમાં આજે ભારતીય ટીમનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન ઇજિપ્ત સામે થશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CABINET-COAL-CENSUS

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ગઈકાલે સરળ, કાર્યક્ષમ અને પારદર્શક ઉપયોગ માટે કોલસા બ્લોક્સ માટે કોલસા સેતુ હરાજી નીતિને મંજૂરી આપી છે. જેનો ઉદ્દેશ્ય સંસાધનની વાજબી ઉપલબ્ધતા અને શ્રેષ્ઠ ઉપયોગ સુનિશ્ચિત કરવાનો છે.

ગઈકાલે નવી દિલ્હીમાં કેબિનેટના નિર્ણયો અંગે માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ નીતિ 2016 ની બિન-નિયમિત ક્ષેત્ર બ્લોક હરાજી નીતિમાં કોલસા સેતુ ચેનલ ઉમેરીને લાંબા ગાળાના ધોરણે કોલસા બ્લોક્સની ફાળવણીને મંજૂરી આપશે. તેમણે કહ્યું કે કોલસાની જરૂર ધરાવતા સ્થાનિક ખરીદદારો હરાજીમાં ભાગ લઈ શકે છે. કોલસા બ્લોક માલિકો તેમની કુલ કોલસા ક્ષમતાના 50 ટકા નિકાસ કરવા માટે પાત્ર રહેશે.

કેબિનેટે 2027 ની વસ્તી ગણતરી માટે 11 હજાર 718 કરોડના બજેટને મંજૂરી આપી હતી. શ્રી વૈષ્ણવે કહ્યું કે આ પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી હશે અને સ્વતંત્રતા પછીની આ આઠમી વસ્તી ગણતરી હશે.

## બાઇટ – અશ્વિની વૈષ્ણવ વસ્તી ગણતરી

આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ વર્ષ 2026 માટે કોપરા માટે લઘુત્તમ ટેકાના ભાવને પણ મંજૂરી આપી છે. મિલિંગ કોપરા માટે લઘુત્તમ ટેકાના ભાવ

445 થી વધારીને 12 હજાર 027 પ્રતિ ક્વિન્ટલ કરાયો છે. બોલ કોપરા માટે લઘુત્તમ ટેકાના ભાવ 400 વધારીને 12 હજાર 500 પ્રતિ ક્વિન્ટલ કરાયો છે

## બાઇટ – અશ્વિની વૈષ્ણવ કોપર

# PM-COAL AND COPRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા કોલસા સેતુ નીતિને મંજૂરી આપવી એ ભારતની ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવવા અને વિકાસને વેગ આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

ગઈકાલે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું હતું કે કોલસા સેતુ નીતિ કોલસાના સરળ, કાર્યક્ષમ અને પારદર્શક ઉપયોગ માટે એક નવો માર્ગ ખોલશે. તેમણે કહ્યું કે આનાથી વ્યવસાય કરવાનું સરળ બનશે, સ્થાનિક ઉપલબ્ધતા વધશે અને આયાતી કોલસા પર નિર્ભરતા ઓછી થશે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે વર્ષ 2026 માટે કોપરાના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારો કરવાના મંત્રીમંડળના નિર્ણયથી કોપરાના ઉત્પાદનમાં વધારો થશે અને નારિયેળ ખેડૂતોની આવકમાં વધારો થશે. તેમણે કહ્યું કે સરકાર દેશભરના ખેડૂતોના જીવનધોરણમાં સુધારો કરવા માટે પ્રતિબદ્ધ છે.

# CHHATTISGARH-AMIT SHAH WITH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે છત્તીસગઢમાં બસ્તર ઓલિમ્પિક્સના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ આજે બપોરે બસ્તરના વિભાગીય મુખ્યાલય જગદલપુરમાં યોજાશે. આ બસ્તર ઓલિમ્પિક્સનું બીજું સંસ્કરણ છે. શ્રી શાહ ગઈકાલે રાત્રે રાયપુર પહોંચ્યા હતા.

સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે બસ્તર એક એવો પ્રદેશ જ્યાં યુવાનોનું ભવિષ્ય એક સમયે નક્સલી હિંસાથી ઢંકાયેલું હતું તે હવે નક્સલમુક્ત બનવા તરફ આગળ વધી રહ્યું છે અને બસ્તર ઓલિમ્પિક્સ પ્રદેશના યુવાનોની પ્રતિભાને ઉછેરવા અને પ્રદર્શિત કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

તેમણે જણાવ્યું કે તેઓ આજે બસ્તર ઓલિમ્પિક્સના સમાપન સમારોહ દરમિયાન આ વિસ્તારના યુવાનો અને ખેલાડીઓ સાથે વાતચીત કરશે.

# PM THREE NATION VISIT-MEA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી જોર્ડન, ઇથોપિયા અને ઓમાનની મુલાકાતે જશે. વિદેશ મંત્રાલયના દક્ષિણ બાબતોના સચિવ નીના મલ્હોત્રાએ ગઈકાલે નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે શ્રી મોદી અબ્દુલ્લા દ્વિતીય બિન અલ હુસૈનના આમંત્રણ પર 15 અને 16 ડિસેમ્બરે જોર્ડનની મુલાકાત લેશે.

તેમણે જણાવ્યું હતું કે આ પ્રધાનમંત્રી મોદીની જોર્ડનની પ્રથમ મુલાકાત છે. આ મુલાકાત બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠ સાથે સુસંગત છે. ડૉ. મલ્હોત્રાએ નોંધ્યું હતું કે ભારત અને જોર્ડન વચ્ચે મજબૂત

આર્થિક સંબંધો છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત જોર્ડનનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર પણ છે.

ડૉ. મલ્હોત્રાએ જણાવ્યું હતું કે મુલાકાતના બીજા તબક્કામાં શ્રી મોદી 16 ડિસેમ્બરે ઇથોપિયા જશે. પ્રધાનમંત્રી મોદી ઇથોપિયાના પ્રધાનમંત્રી અબીય અહેમદ અલી સાથે દ્વિપક્ષીય અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે.

વાણિજ્ય દૂતાવાસ, પાસપોર્ટ, વિઝા અને પ્રવાસી ભારતીય બાબતોના સચિવ અરુણ કુમાર ચેટર્જીએ જણાવ્યું હતું કે મુલાકાતના અંતિમ તબક્કામાં પ્રધાનમંત્રી 17 ડિસેમ્બરે ઓમાન જશે. તેમણે ઉમેર્યું કે પ્રધાનમંત્રી સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ છે. તેમણે કહ્યું કે ભારત અને ઓમાન વચ્ચે વેપાર સંબંધો અને પરસ્પર સંપર્કો પર આધારિત ખાસ ભાગીદારી છે. શ્રી ચેટર્જીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની ઓમાન મુલાકાત દરમિયાન અનેક કરારો પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે.

## JP NADDA-HP VISIT

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડા આજે હિમાચલ પ્રદેશની મુલાકાતે છે. શિમલા ખાતે ભાજપના નવા રાજ્ય મુખ્યાલયનો તેઓ શિલાન્યાસ અને ભૂમિપૂજન કરશે.

શ્રી નડ્ડા ગઈકાલે સાંજે હિમાચલ પ્રદેશની બે દિવસની મુલાકાતે શિમલા પહોંચ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## PARLIAMENT ATTACK ANNIVERSARY

**સંસદનું રક્ષણ કરતા પોતાના જીવનું બલિદાન આપનારા સુરક્ષા કર્મચારીઓ અને શહીદોને આજે સમગ્ર રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ આપી રહ્યું છે. 2001માં આજના દિવસે આતંકવાદીઓ દ્વારા સંસદ પર હુમલો કરવામાં આવ્યો હતો.**

**ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, કેન્દ્રીય મંત્રીઓ અને સંસદ સભ્યો આજે સંસદ ભવનના સંકુલમાં શહીદ સુરક્ષા કર્મચારીઓને પુષ્પાંજલિ અર્પણ કરશે.**

# DEFENCE-SECRETARY

સંરક્ષણ મંત્રાલયના સંરક્ષણ ઉત્પાદન સચિવ સંજીવ કુમારે વર્તમાન પરંપરાગત અને બિન-પરંપરાગત પડકારોનો સામનો કરવા માટે સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

શ્રી કુમારે ગઈકાલે નવી દિલ્હીમાં આત્મનિર્ભર ભારત અને સંરક્ષણ ક્ષેત્રમાં વિવિધ સરકારી પહેલો પર એક વ્યાખ્યાન દરમિયાન આ મુજબ જણાવ્યું હતું. સચિવે દેશમાં મજબૂત સંરક્ષણ વ્યવસ્થા માટે સૃજન યોજના, સકારાત્મક સ્વદેશીકરણ યાદીઓ, ઉત્પાદન પ્રક્રિયાઓ અને IDEX યોજનાની અસરનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે પ્રક્રિયાગત માળખામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં ઓડિટ એજન્સીઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

# INDIA-CHINA CONSULTATIONS

ભારત અને ચીનના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે બેઇજિંગમાં પરામર્શ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દ્વિપક્ષીય સંબંધોમાં સકારાત્મક પ્રગતિની પુષ્ટિ થઈ. વિદેશ મંત્રાલયના પૂર્વ એશિયા બાબતોના સંયુક્ત સચિવ સુજીત ઘોષે ગઈકાલે બેઇજિંગની તેમની બે દિવસીય મુલાકાત પૂર્ણ કરી હતી.

મુલાકાત દરમિયાન શ્રી ઘોષે નાયબ વિદેશમંત્રી સન વેઇડોંગ સાથે મુલાકાત કરી અને ચીનના વિદેશ મંત્રાલયના એશિયન બાબતોના વિભાગના ડિરેક્ટર જનરલ સાથે ચર્ચા કરી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ચર્ચાઓ રચનાત્મક અને ભવિષ્યલક્ષી હતી. બંને પક્ષોએ આગામી વર્ષ માટે આયોજિત આદાનપ્રદાન અને પ્રવૃત્તિઓની સમીક્ષા કરી.

ભારતીય પક્ષે નિકાસ નિયંત્રણો સંબંધિત બાકી રહેલા મુદ્દાઓના વહેલા ઉકેલની જરૂરિયાત પર ભાર મૂક્યો. પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસની પણ ટૂંકમાં ચર્ચા કરવામાં આવી.

## SQUASH

આજે ચેન્નાઈમાં સ્ક્વોશ વિશ્વકપની સેમિફાઇનલમાં ભારતીય ટીમનો મુકાબલો વર્તમાન ચેમ્પિયન ઇજિપ્ત સામે થશે. જ્યારે બીજી સેમિફાઇનલમાં હોંગકોંગનો મુકાબલો જાપાન સામે થશે.

ઇજિપ્તે ગઈકાલે ક્વાર્ટર ફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને 3-0થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યારે ભારતે દક્ષિણ આફ્રિકાને 3-0થી પરાજય આપ્યો હતો.

ભારત સતત બીજી વખત સ્ક્વોશ વિશ્વકપના સેમિફાઇનલમાં પહોંચ્યું છે. ભારત અગાઉ 2023માં સેમિફાઇનલમાં પહોંચ્યું હતું. ટૂર્નામેન્ટમાં ભારતે સ્વિટ્ઝર્લેન્ડ અને બ્રાઝિલને હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજે અખબારોમાં અલગઅલગ સમાચારને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, યુજીસી - **AICTE** જેવી સંસ્થાના સ્થાને એક જ રેગ્યુલેટરને મંજૂરી.
- ગુજરાત સમચારે લખ્યું છે કે, ચાંદી બે લાખના આસમાને: સોનું રૂ. **1.37** લાખની નવી સપાટીએ
- કેન્દ્રીય કેબિનેટ દ્વારા વીમા ક્ષેત્રે **100** ટકા **FDI**ને મંજૂરી" ના સમાચાર સંદેશે લીધા છે.
- નવગુજરાત સમય લખે છે કે, વીમા ક્ષેત્રે **100** ટકા **FDI**ના બિલને કેબિનેટની મંજૂરી.
- ફૂલછાબે લખ્યું છે કે, જનગણના માટે **11** હજાર **718** કરોડનું બજેટ મંજૂર.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો **LRD**ની ફાઇનલ યાદીમાં **8** હજાર **782** પુરુષ, **3** હજાર **117** મહિલા